જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૧/૨૦૧૬ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી ૫૦ વ્યક્તિઓને ઝડપી ૪૦૯ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૫૨,૬૯૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૬/૧૬**

**શાહીબાગઃ** તા.૬/૭/૧૫ કલાક ૮/૫૫ વાગ્યાના સુમારે શાહીબાગ અસારવા નાગનાથ રેસ્ટોરંટની સાઇડમા અભીષેક એસ્ટેટના દરવાજા આગળથી અજાણ્યા પુરૂષ (ઉ.વ..૩૫) ના આશરાની લાશ મળી આવતા પી.એમ. નોટને આધારે મરણ જનાર અજાણ્યા પુરૂષને કોઇ બોથડ પદાર્થ વડે માર મારતા ઇજાઓ થવાના કારણે મોત થયુ હોવાનુ જણાઈ આવેલ હોઈ, શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા ઈસમ વિરૂધ્ધ ખુનનો ગુનો નોધી આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે એ પ્રજાપતી ચલાવે છે.

**પડી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૭/૧૬**

**ગાયકવાડ હવેલી :** ફૈઝાનખાન નાસીરખાન પઠાણ (ઉ.વ.૨૨)(રહે.દરીયાપુર માઢનો મોહલ્લો, મસ્જીદ બિલ્ડીંગ) તા.૨૪/૧/૧૬ ના કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે ખમાસા બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ નજીક જાનમાં નાચતાં હતા દરમ્યાન બેહોશ થઇ નીચે પડી જતાં, માથાનાં ભાગે ગંભીર ઇજાઓ થતાં,સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ કલાક ૩/૪૫ વાગે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પન્નાલાલ બદાભાઇ ચલાવે છે.

**કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૮/૧૬**

**બાપુનગરઃ** પુનવાસી રામનરેશ ચૌહાણ (ઉ.વ.૨૨) (રહે.કેવડાજીની ચાલી ઠક્કરબાપાનગર કૃષ્ણનગર) તા.૨૩/૧/૧૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે ઈન્ડીયા કોલોની કૃષ્ણનગર ખાતે ટાંકીમાંથી પાણીની ઈલેક્ટ્રોનીક મોટર કાઢતા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર માટે કાકડીયા હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગોવિંદભાઈ જીવાજી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૭૯/૧૬**

**બાપુનગરઃ** આરતીબહેન રમેશભાઈ પરમાર (ઉ.વ.૧૯)(રહે.દલસુખ માળીની ચાલી) એ કોઈ કારણસર તા.૨૩/૧/૧૬ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગોવિંદભાઈ જીવાજી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)